# થેલિસિમિયા ગ્રસ્ત ૪૦ બાળકોએ IIT-Gnમાં પોતાના વિચારો રજૂ કર્યા



બાળકોએ આઇ.આઇ.ટી. કેમ્પસ પર સ્ટુડન્ટ્સ સાથે વિવિધ એક્ટિવિટી માણી

અમદાવાદ : નાના બાળકો પાસે મોટા સપનાનો ખજાનો હોય છે, તેના સુધી પહોંચવાનો રસ્તો પણ એ બાળપણની દુનિયામાં શોધીને રાખ્યો હોય છે. આઇ.આઇ.ટી ગાંધીનગર ખાતે ૪૦ સ્પેશિયલ બાળકો માટે ઈન્ટરેક્શન સેશન અને વિવિધ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ આઈટીના સ્ટુડન્ટ્સ દ્વારા બાળકોને તેમની વિશેષ અને તેમના સપનાઓના રંગો દ્વારા રજૂ કરવાનો મોકો આપ્યો હતો. બાળકોએ પોતાની ક્રિએટિવ આર્ટ દ્વારા બાઈસિકલ, સેલફોન, ફિલ્મ સ્ટાર વગેરેને રજૂ કર્યા હતા. બાળકોને જ્યારે તેમની વિશ વિશે પૂછવામાં આવ્યું તો તેમાંથી ઘણા બાળકોએ શાહરુખ ખાનને મળવાની ઈચ્છા જણાવી હતી. કારણ કે તેઓ તેમના બહું મોટા ફેન છે. આઈ આઈટીના સ્ટુડન્ટ્સ દ્વારા બાળકોને નવો ઉત્સાહ મળી રહે તે માટે આ ઈવેન્ટનું આયોજન કર્યું હતું